
## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ



બેટા, જરા બસોનુ રિચાર્જ કરાવી દેજે ને... અમારે ઘડપણમાં વોર્ટસએપ અને ફેઇસ બુક નો જ સહારો છે...!!

# આર્મી અધિકારીની ઓળખ આપી મહિલા સાથે રૂ.૧ લાખની ઠગાઈ

ગાંધીનગર, તા.૬

ભાટ ગામે રહેતા યોગા ટીચરને આર્મી ઓફિસરની ઓળખ આપી ઠગે આર્મી કેન્ટોન્મેન્ટમાં ૩૦ જેટલા ઓફિસરને યોગાની તાલિમ આપવાની છે. જેને માટે યોગ શિક્ષકની જરુર હોવાનું કહી ઓનલાઈન લીંક મોકલી હતી. જેથી યોગા ટીચરે લીંક પર કલીક કરતા જ બે તબક્કામાં રૂ.૯૯.૯૯૮ ઉપડી ગયા હતા. જયારે યોગ ટીચર છેતરપિંડીનો ભોગ બનતા પોલીસે મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ ગામ કર્ણાવતી પ્રીમીયર મકાન નં.૫૦૨ ખાતે પીન્કીંબેન ઓમપ્રકાશ ખેરાજાની રહે છે. તેઓ ઓનલાઈન યોગાના કલાસીસ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૧૦-૧૧-૨૨ ના રોજ સવારના સાડા દશ વાગ્યાના સુમારે યોગા ટીચર ઘરે હાજર હતા. તે સમયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળાએ આર્મી ઓફિસરની ઓળખ આપી શાહીબાગ કેન્ટોન્મેન્ટ ઓફિસરની નોકરી કરુ છુ. કેન્ટોનમેન્ટમાં ૩૦ જેટલા આર્મી ઓફિસરને યોગાની તાલિમ આપવાની હોવાથી યોગા શિક્ષકની જરુર છે. જેથી ગુગલ પરથી તમારો મોબાઈલ નંબર અને બાયોડેટા અને તમારી ડીટેઈલ સારી લાગતા યોગ શિક્ષક તરીકે પસંદ કરીએ છીએ. જેથી તમારે બેંક એકાઉન્ટ નંબર અને આધારકાર્ડ, આઈએફસી કોડ આપવો પડશે તેમ જણાવ્યું હતું. જેથી યોગા ટીચરે આર્મી મેન કહ્યું હોવાથી વિશ્વાસથી તમામ વિગત આપી દીધી હતી. ત્યારબાદ બીજા દિવસે સાંજે ફરીવાર આ વ્યકિતએ કોલ કરીને ટીચરને ટેક્ષ મેસેજ મોકલુ છું, તેમાં લીંક આવશે તેના પર કલીક કરશો એટલે તમારુ કન્ફરમેશન આવશે. અને તમારુ એકાઉન્ટ વેલીડ ગણવામાં આવશે. જેથી યોગા ટીચરે લીંક પર કલીક કરતા જ આઈસીઆઈસીઆઈ બેંકના એકાઉન્ટમાંથી રૂ.૪૯,૯૯૯ તેમજ બીજા ૪૯,૯૯૯ કપાઈ ગયા હતા. મહિલાના એકાઉન્ટમાંથી રૂ. ૯૯,૯૯૮ કપાઈ જતા ઓનલાઈન ફ્રોડ થયાની જાણ થઈ હતી. ત્યારબાદ તપાસ કરતા જાણ થઈકે આ રૂપીયા ઈન્ડસબેંકના ક્રેડીટ કાર્ડ ધારક અબ્રારખાન રફીકખાનના એકાઉન્ટમાં નાણા હોલ્ડ થયા નથી. જયારે બંન્ને વ્યવહાર યુપીઆઈ થયા હતા. જેથી યોગા ટીચરે અડાલજ પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાવી છે.

# વલાદ રાવળવાસ દિપેશ્વરી માતાજી મંદિર પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના વલાદ ગામના રાવળવાસ ખાતે દિપેશ્વરી માતાજી મંદિર નજીક ખુલ્લી જગ્યામાંથી રૂ.૧.૧૦ લાખનું યામાહા કંપનીનું આર.૧૫ બાઈક ચોરાયું છે. બાઈક ચોરી અંગે યુવકે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વલાદ ગામના રાવળ વાસ ખાતે વિજય પ્રહલાદભાઈ રાવળ પોતાના પરિવાર સાથે રહે છે અને ડ્રાઈવીંગ કરી ઘરનું ગુજરાન ચલાવે છે. પોતાના ઉપયોગ માટે વિજયે યામાહા કંપનીનું આર.૧૫ બાઈક નં. જી.જે.૧૮.ડી.એન.૬૨૨૬ ખરીદી કરી હતી.

ગત તા.૩ ના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં વિજયના કાકાનો દિકરો આશિષ બાઈક લઈને ગામમાં ગયો હતો અને ફરીને આવી દિપેશ્વરી માતાજી મંદિર પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુક્યું હતું. ત્યારબાદ બાઈકની ચાવી તે આપી ગયો હતો. જયારે બીજા દિવસે સવારે ઉઠીને બાઈક લઈ ગામમાં જવાનું હોવાથી આશિષ બાઈક લેવા જતા તે સ્થળ પર બાઈક ન હતું.

જયારે બાઈક ચોરી થઈ જતા ગામમાં પણ વિવિધ જગ્યાએ શોધખોળ કરી હતી. તેમ છતા આજદીન સુધી બાઈક નહી મળી આવતા યુવકે અજાણ્યા ચોર શખ્સ સામે ફરીયાદ નોંધાવી છે.ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે. શહેરી -ગ્રામ્ય વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરેલા બાઈક તો સલામત રહ્યા નથી. ત્યારે હવે ગામડાઓમાં પણ ઘર પાસેથી બિન્દાસ્ત બાઈકની ઉઠાંતરી થઈ જાય છે. ચોર શખ્સોને જાણે કે પોલીસનો ડર રહ્યો ના હોય તેમ લાગી રહ્યું છે.

# ઝુંડાલ બ્રીજ નીચેથી પાર્ક કરેલા એકટીવાની ચોરી

ગાંધીનગર,તા.૬

ગાંધીનગરના ઝુંડાલ બ્રીજ નીચે પાર્ક કરેલા એકટીવાની ચોરી થવા પામી છે. એકટીવા પાર્ક કરી યુવક નોકરી પર ગયો હતો.જયારે નોકરીથી રાત્રીના સમયે આવીને જોયુ તો પાર્ક કરેલ એકટીવા ન હતું.જેને પગલે યુવકે બાઈક ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ચાંદખેડા ખાતે રહેતા કેયુર સંજયકુમાર પટેલ પરિવાર સાથે રહે છે અને મહેસાણા હાઈ વે પર આવેલા ટોરેન્ટ ફાર્મા લિં. માં એકઝયુકેટીવની પોસ્ટ પર ફરજ બજાવે છે. ઘરે થી નોકરી જવા આવવા માટે એકટીવા નં. જી.જે.૦૧.ઈ.ઝેડ.-૯૭૦૨નો ઉપયોગ કરે છે. જયારે યુવક એકટીવા ઝુંડાલ બ્રીજ નીચે મુકી કંપનીની બસમાં બેસી નોકરી જતો હતો.

ગતરોજ બપોરના સમયે યુવક એકટીવા લઈને ઘરેથી નીકળી ઝુંડાલ બ્રિજ નીચે પાર્ક કરી કંપનીની બસમાં નોકરી ગયો હતો.

ત્યારબાદ નોકરી પુરી કરીને રાત્રે ૧૨ વાગે બ્રીજ નીચે આવીને જોતા એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવકે આસપાસના વિસ્તારમાં એકટીવાની શોધખોળ કરી હતી. પરંતુ તે મળી ન આવતા અડાલજ પોલીસ મથકે એકટીવા ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# રાંધેજા ફાટક પાસે બસ-અલ્ટો વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૬

રાંધેજા ફાટક પાસે બસ અને અલ્ટો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં કારમાં સવાર ચાર વ્યકિતઓને નાની મોટી ઈજા થવા પામી હતી. જયારે અકસ્માત બાદ ચાલક બસ લઈને જતો રહ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સરદારનગર ખાતે રહેતા ઈન્દ્રજીત સિંહ રાઓલ પરિવાર સાથે રહે છે.તેઓ ગત તા.૩ ના રોજ અમદાવાદ થી ગાડી લઈને નવા ગામ ખાતે લગ્ન સમારોહમાં ગયા હતા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા. તે સમયે સાંજના સાડા પાંચ વાગે રૂપાલ-રાંધેજા રોડ ખાતે ફાટક પાસે આવતા સામેથી આવી રહેલી બસે કારને ટક્કર મારી હતી. જેમાં કારમાં સવાર ચાર જેટલા વ્યકિતને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તનો તાત્કાલીક સારવાર માટે રાંધેજા લઈ જવાયા હતા. જયારે ઈન્દ્રજીત રાઓલે ફરીયાદ નોંધાવતા પોલીસે બસ ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# વાવોલ સાલ્વીક હોમ્સ-૨ ખાતે મકાનમાં આગ લાગી



ઉનાળાની શરુઆતથી જ શહેરમાં આગના બનાવમાં વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે વાવોલ સ્થિત સાલ્વીક હોમ્સ-૨ મકાન નં.૪૩ ખાતે રહેતા ધર્મેન્દ્રસિંહ દિલિપસિંહ ચાવડાના મકાનના સ્વીચ બોર્ડમાં આગ ભભુકી ઉઠી હતી. આગની ઘટના સમયે ઘરના સભ્યો ઘરે ન હતા. જો કે પાડોશીના સભ્યોએ આગ બુઝાવવા પ્રયત્ન કર્યા હતા. બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો સાથે સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. ઘરમાં રહેલો સોફો આગમાં બળીને ખાક થઈ ગયો હતો.

# મહાઠગ કિરણ અને માલિની પટેલ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ

**મોરબીના વેપારી સાથે ઠગ દંપતીએ ઠગાઈ આચરી : GPCBનું લાયસન્સ અપાવવા રૂપિયા ૪૨ લાખ લીધા હતા, તેમણે કલાસ-૧ અધિકારી તરીકે ઓળખ આપીને રૂપિયા પડાવ્યા હતા**

અમદાવાદ, તા.૬

અમદાવાદમાં મહાઠગ કિરણ અને માલિની પટેલ સામે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. જેના પગલે માલિની પટેલની ફરી ધરપકડ કરવામાં આવી છે. જેમાં ઠગ દંપતી વિરૂદ્ધ સોલા પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.


જ્યારે મોરબીના વેપારી સાથે ઠગ દંપતીએ ઠગાઈ આચરી હતી.

જેમાં GPCBનું લાયસન્સ અપાવવા રૂપિયા ૪૨ લાખ લીધા હતા. તેમણે કલાસ-૧ અધિકારી તરીકે ઓળખ આપીને રૂપિયા પડાવ્યા હતા. તેમજ લાયસન્સ ન કઢાવી શકતા ૧૧.૭૫ લાખ રૂપિયા પરત કર્યા હતા. જ્યારે ઠગ દંપતીએ બાકીના ૩૧.૧૧ લાખ રૂપિયા પરત નહોતા આપ્યા.

જેમાં ઠગ કિરણ અને પત્ની માલિની પટેલે ભેગા મળીને છેતરપિંડી આચરી હતી. જ્યારે સોલા પોલીસમાં નોંધાયેલ ફરિયાદનીતપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાઈ છે.

# ન્યુ વાવોલમાં ખુલ્લી ગટરમાં વાછરડું ખાબક્યું, સ્થાનિકોએ બચાવ્યું

**છેલ્લાં એક મહિનાથી ગટરનું ઢાંકણ તુટેલું : કોઇ વાહનચાલક કે રાહદારી અકસ્માતનો ભોગ બને તે પહેલાં રીપેર કરવા માંગ**



ગાંધીનગર, તા. ૦૬

ગાંધીનગર શહેરમાં અત્યારે અનેક પ્રકારના નાગરિક સુવિધાલક્ષી વિકાસ કાર્યો હાથ ધરાયાં છે જેમાં શહેરના વાવોલ વિસ્તારમાં પણ નવા રોડ-રસ્તાં સાથે ગટરની નવી લાઇનો નાંખવામાં આવી રહી છે. જોકે ન્યુ વાવોલ વિસ્તારમાં ચાલી રહેલી ગટરલાઇનના કામમાં અનેક પ્રકારની ફરિયાદો પણ ઉઠવા પામી રહી છે જેમકે શિવમ્ રેસિડેન્સી સોસાયટી સામેની ખુલ્લી ગટરમાં થોડા સમય પહેલાં જે એક બાઇકસવાર ખાબક્યો હતો અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. હજુ પણ એ ગટર ચેમ્બરનું કાર્ય અધુરું છે. આ ઉપરાંત ન્યુ વાવોલ વિસ્તારમાં યુવા ચોક પાસે અક્ષર હોમ સોસાયટી આગળ છેલ્લાં એક મહિનાથી ગટરનું ઢાંકણું તુટી ગયેલું હતુ જે હજું પણ જેમનું તેમ હોવાથી ખુલ્લી ગટર ચેમ્બરમાં આજે એક ગાયનું વાછરડું પડી જવા પામ્યું હતું જેને નજીકના સ્થાનિક વેપારીઓએ મહામહેનતે બહાર કાઢ્યું હતું. આ ખુલ્લી ગટર ચેમ્બર અંગે અગાઉ પણ સ્થાનિકો દ્વારા વિવિધ સ્તરે રજુઆત કરવામાં આવી હોવા છતાં તેનો કોઇ ઉકેલ આવ્યો નથી. આજે તો તેમાં ગાયનું વાછરડું અંદર પડી ગયું હતું પરંતુ તેમાં કોઇ ટુ-વ્હિલર ચાલક કે રાહદારી પણ પડીને અકસ્માતનો ભોગ બની શકે છે જેથી તેને સત્વરે રીપેર કરીને સારી ગુણવત્તાવાળું ઢાંકણ નાંખવું જોઈએ તેવી આ વિસ્તારમાં સ્થાનિક વસાહતીઓમાં માંગ પ્રવર્તી રહી છે.

# બનાસકાંઠાના સાત ડેપોમાંથી ૨૫૦ બસોની વ્યવસ્થા

**તલાટીના પરીક્ષાર્થીઓ માટે ખાસ વ્યવસ્થા : ૭ ડેપો દ્વારા અનેક રિઝર્વેશન સેન્ટર અને પરીક્ષાર્થીઓને સમયસર સ્થળે પહોંચાડવા માટે ૨૫૦ એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા કરવામાં આવી છે**

બનાસકાંઠા, તા.૬

સમગ્ર રાજ્યમાં તલાટીની પરીક્ષા માટે પરીક્ષાર્થીઓ સરળતાથી પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચે તે માટે એસટી વિભાગ દ્વારા વિશેષ એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત બનાસકાંઠામાં ૭ ડેપો દ્વારા અનેક રિઝર્વેશન સેન્ટરો અને પરીક્ષાર્થીઓને સમયસર સ્થળે પહોંચાડવા માટે એક્સ્ટ્રા ૨૫૦ બસની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારી તલાટીની પરીક્ષા રવિવારના રોજ લેવાનાર છે. જેથી આ પરીક્ષા માટે બનાસકાંઠા જિલ્લામાંથી હજારો પરીક્ષાર્થીઓને અમદાવાદ, ભુજ, પ્રાંતિજ, હિંમતનગર, ખેડા ,આણંદ, મોડાસા, ઈડર, ખેડબ્રહ્મા, સંતરામપુર, અને ગાંધીનગર ખાતે પરીક્ષા આપવા જવું પડશે તે માટે પરીક્ષાર્થીઓ તેમના પરીક્ષાના કેન્દ્ર પર સરળતાથી પહોંચી શકે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાલનપુર ડિવિઝન દ્વારા વધારાની બસો મુકવામાં આવી છે જેથી પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન સર્જાય. બનાસકાંઠામાં ૭ ડેપો જેમાં રાધનપુર, દિયોદર, થરાદ, ડીસા,સિધ્ધપુર,પાલનપુર,અંબાજી સહિતના ડેપો પર ૨૪ કલાક ઓનલાઇન રિઝર્વેશન સેન્ટર ઉભા કરાયા છે. જેથી પરીક્ષાર્થીઓએ પણ આ બસની સેવાનો લાભ લેવો હોય તો વહેલી તકે બુકિંગ કરાવી ડેપો દ્વારા જણાવવામાં આવ્યું છે, તેમજ પરીક્ષાર્થીઓને તેમના પરીક્ષા સ્થળે સમયસર પહોંચી શકે તે માટે ૨૫૦થી પણ વધુ બસ એક્સ્ટ્રા દોડાવવામાં આવશે.બનાસકાંઠાથી ૭ ડેપોમાંથી અમદાવાદ, ભુજ, પ્રાંતિજ, હિંમતનગર, ખેડા, આણંદ,મોડાસા,ઈડર, ખેડબ્રહ્મા, સંતરામપુર, અને ગાંધીનગર જેવા સ્થળો પર જવા માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરીક્ષાર્થીઓને પોતાના કેન્દ્ર પર સરળતાથી પહોંચી શકે અને સારી રીતે પરીક્ષા આપી શકે તે માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાલનપુર ડિવિઝન દ્વારા વધારાની બસો મુકવામાં આવી છે

## ખૂણેખાંચરેથી

●જિલ્લાના ઘણા બધા અધિકારીઓ પણ વેકેશનના મૂડમાં જણાઈ રહ્યા છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં આગામી બે દિવસ ગરમીનો પારો વધવાનુ હવામાન-પૂર્વાનુમાન છે.

●અડાલજ અન્નપૂર્ણા ભોજનાલયનો અન્નપૂર્ણા ધામ ટ્રસ્ટ દ્વારા આરંભ થશે.

●વૈશાખી પૂનમને લઈ ગિયોડ અંબાજી માતાના મંદિરે આજે માઈભક્તોની ભીડ જામી હતી.

●દહેગામ રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નં. ૧ થી ૨ તરફ વ્હીલચેર દ્વારા અવરજવર કરવા માટે પેવર બ્લોકનું અધુરૂ કામ પૂર્ણ ન થતાં લોકોમાં રોષની લાગણી ઉભી થઈ છે.

●પાલુન્દ્રાના બે શખ્સો દારૂની હેરાફેરી કરતા પોલીસના હાથે ઝડપાયા.

●ગાંધીનગર મનપા દ્વારા મિલ્કતવેરાના બિલોનું વિતરણ શરૂ કરી દેવાયુ છે.

●ગાંધીનગર મનપાના ભોંયતળિયે પીવાના પાણીની કોઈજ વ્યવસ્થા ન હોવાથી મુલાકાતીઓ સહિત સૌ પરેશાન છે.

●ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ ગટરો ઉભરાવવાની ફરિયાદો વધી છે.

●સોનારડા ખાતે ડેરી ફાર્મમાં આજે લાગેલી આગમાં પશુધન માટે રાખેલા પૂળા બળી ગયા છે.

●ગાંધીનગર શહેરની સરકારી કચેરીઓની સફાઈ અને ગટર ઉભરાવવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

●ગાંધીનગર જિલ્લામાં તલાટીઓની પરીક્ષાની તૈયારીને આખરી ઓપ આપવાની તૈયારીમાં તંત્ર ગળાડૂબ બન્યુ છે.

●ગાંધીનગર જિલ્લામાં એસ.ટી. બસોની સેવાઓ અનિયમિત બની હોવાથી ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

●લગ્નસરાના દિવસો હોવાથી ફૂલના ભાવ આસમાને પહોંચ્યા.

●જાયન્ટસ ગૃપ ઓફ કલોલ દ્વારા ગરીબ બાળકોને કપડાનું વિતરણ કરવામાં આવ્યુ છે.

●હજયાત્રીઓ માટે ૧૧મીએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વેકસીનેશન કેમ્પનું આયોજન કરાયુ છે.

●અથાણામાં વપરાતી રાજાપુરી કેરીનું આગમન ગાંધીનગરમાં થઈ ચુક્યુ છે.

## પુ.મોરારિબાપુને "શિક્ષણના ધ્રુવતારકો" પુસ્તક એનાયત થયું.

ગાંધીનગર, તા. ૦૬

ગુજરાતના ૧૩ જિલ્લાના ૩૧ શિક્ષક ભાઈ બહેનો તથા તેના કાર્યનો પરિચય કરાવતું પુસ્તક ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તક ગુજરાતના શિક્ષણ જગતને પ્રેરક બની શકે તેવી ગુણવત્તા ધરાવે છે કારણ કે સમગ્ર ગુજરાતના નવાચાર કરતાં શિક્ષક ભાઈ- બહેનોના પ્રયોગોને તેમાં સમાવિષ્ટ કરેલા છે. પુ. મોરારિબાપુ કે જેઓ શિક્ષણ પરિવારના મોભી છે અને શિક્ષણ જગતને હંમેશા પોતીકું ગણે છે.તેઓ પાસે આશિર્વાદ મેળવવા આ પુસ્તક પુ.મોરારિબાપુને સંપાદક શ્રી તખુભાઈ સાંડસુર, સહસંપાદક શ્રી જીતુભાઈ જોશી તથા વરિષ્ઠ પત્રકાર શ્રી મુકેશભાઈ પંડિત વગેરે દ્વારા અર્પણ કરવામાં આવ્યું. ચિત્રકુટધામ તલગાજરડા ખાતે શિક્ષક ભાઈ બહેનોને સતત પ્રેરકબળ તથા પ્રોત્સાહન, માર્ગદર્શનની આ પ્રવૃત્તિ સતત ચાલતી રહે તે માટે પુ. બાપુએ રાજીપો વ્યક્ત કરી આશિષ આપ્યા હતા.